# ૬ જિલ્લાઓમાં ૩૬૮ મજુરોને બે સ્થળોએ કામ કરતા બતાવીને ૧૩.૧૨ લાખની ચૂકવણી

ગાંધીનગર, તા. ૨૮

રાજ્યમાં સંકલીત જળસ્ત્રાવ કાર્યક્રમ અંતર્ગત નમૂના પાસ કરાયેલ ૬ જિલ્લાઓમાં ૩૬૮ મજુરોને એક જ સમયગાળામાં બે જુદા જુદા સ્થળો પર કામ કરતાં બતાવીને તેઓને રૂ. ૧૩.૧૨ લાખની ચૂકવણી કરી હોવાની ચોંકાવનારી વિગતો કેગના અહેવાલમાં બહાર આવા પામી છે.

સંકલિત જળસ્ત્રાવ કાર્યક્રમના કેગના ઓડિટ અહેવાલમાં જણાવ્યા અનુસાર જળસ્ત્રાવ કાર્યક્રમની માર્ગદર્શિકાની જોગવાઈઓની વિસંગત આઠ નમૂના તપાસ કરેલ જિલ્લાઓમાં ૨૫ કાર્યક્રમો અંતર્ગત સામગ્રી પુરી પાડવાના અને મજુરોને વેતનના રૂ. ૮.૨૩ કરોડની ચૂકવણી રોકડમાં કરવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય જળસ્ત્રાવ વ્યવસ્થાપન એજન્સી દ્વારા યોજનાઓની અગ્રતા નક્કી થયા મુજબ નવસારી જિલ્લામાં સાત યોજનાઓ અને ભાવનગર જિલ્લાની એક યોજના પાછળથી હાથ પર લેવાની હતી છતાં પહેલા લેવાઈ હતી. કાર્યક્રમના આજીવિકા ઘટક અંતર્ગત સેલ્ફ હેલ્પ ગ્રુપ્સ સેલ્ફ હેલ્પ ફેડરેશન્સને રીવોલ્વીંગ ફંડની રચના માટે ભંડોળ ઉપલબ્ધ કરાયું ન હતુ.

# પોલીટેકનીક ચાર રસ્તા પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માતમાં એકનું મોત

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરના પોલીટેકનીક ચાર રસ્તાથી ગુરૂવારે અમદાવાદ જતી એક ટ્રકે બાઈકને ટક્કર મારતા બાઈક પાછળ બેઠેલ એક કિશોરનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. તેમજ બાઈક ચાલકને ઈજા થઈ હતી. જે અંગેની ફરિયાદ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

ગુરૂવારે સાંજના સુમારે પોલીટેકનીક ચાર રસ્તાથી અમદાવાદ તરફ જઈ રહેલ ટ્રેલર નં.જીજે.૧૨.એ.ઝેડ.૪૬૧૭?? ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી બાઈક નં.જીજે.૯.ટીસી.૦૦૩ પર જઈ રહેલ શ્રેયસકુમાર નિલેષભાઈ જોષી અને તેની પાછળ બેઠેલ ે-રકસિંહ (ઉ.વ.૧૪) ને ટક્કર મારી હતી. જેના કારણે બાઈક પાછળ બેઠેલ ે-રકસિંહનું ગંભીર ઈજાને કારણે મોત નિપજયુ હતું. તેમજ શ્રેયસકુમાર જોષીને પણ ઈજા થઈ હતી. ત્યારબાદ છાદરડાના રાજુસિંહ ભવાનસિંહ ચૌહાણે ટ્રેલરના ચાલક વિરૂધ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# હિંમતનગરમાં પંજાબ નેશનલ બેંકમાંથી ૧.૯૦ લાખની ચોરી

હિંમતનગર, તા. ૨૮

હિંમતનગરમાં પાટીદાર અનામત આંદોલનને પગલે ગુજરાત બંધનું એલાન અપાયા બાદ બુધવારે શહેરની કેટલીક રાષ્ટ્રીયકૃત બેંકો ચાલુ રહી હતી અને પોલીસ આંદોલનકારીઓ પાછળ દોડી રહી હતી. ત્યારે તસ્કરોએ તકનો લાભ ઉઠાવી શહેરની એક રાષ્ટ્રીયકૃત બેંકને નિશાન બનાવી હતી. શહેરની રાષ્ટ્રીયકૃત બેંકના બાથરૂમની બારીના સળિયા તોડી તસ્કરો બેંકમાંથી રૂા.૧.૯૦ લાખની રોકડ સાથે સીસી ટી.વી. ડીવીઆરની ચોરી કરી ભાગી છુટયાની ઘટના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુરૂવારે નોંધાઈ છે.

બેંકમાં થયેલી ચોરીની ઘટના અંગે -ાઞ્ઞ વિગત અનુસાર હિંમતનગરના સિવિલ સર્કલ નજીક આવેલી રાષ્ટ્રીયકૃત પંજાબ નેશનલ બેંકને તસ્કરોએ બુધવારે રાત્રે નિશાન બનાવી હતી. જેમાં તસ્કરોએ બેંકના બાથરૂમની બારીના સળિયા તોડી કાચ કાઢી અંદર -વેશ્યા હતા અને બેંકની અંદરના સીસી ટી.વી. કેમેરા તથા વાયરો તોડી નાખ્યા હતા. તસ્કરોએ બેંકમાં મુકેલુ કેશ ડીપોઝીટ મશીન તોડી રૂા.૧,૯૦,૬૦૦ ની રોકડ મત્તાની તેમજ સીસી ટી.વી. ડીવીઆરની ચોરી કરી ભાગી છુટયા હતા. દરમિયાન ગુરૂવારે બેંકના સિનીયર મેનેજર રિખવચંદ સાંકળચંદ જીનગરને ચોરીની ઘટના અંગે જાણ થતાં તેમણે આ અંગે હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

## આત્મ વિલોપનની ચીમકી...

● ત્રીજા પાનાનું ચાલુ

ઉમેદવારોએ પરીક્ષાની તૈયારી કે પરિણામની વાત છોડી કોર્ટના ધક્કા ખાવા પડી રહ્યા છે. ત્યારે આયોગની કામગીરી અને વિશ્વસનીયતા સામે ગંભીર પ્રશ્નાર્થ થઈ રહ્યા છે. સરકાર આયોગની કાર્ય પ્રણાલીમાં પારદર્શકતા લાવી વારંવાર પરીક્ષામાં થતા કૌભાંડો અટકાવી ઉમેદવારોને ન્યાય અપાવે તે ઈચ્છનીય છે.

આઠ વર્ષના લાંબાગાળા બાદ ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગત ઓક્ટોબર-૨૦૧૪માં અધિકારી વર્ગ-૧ અને ૨ પ્રિલિમ પરીક્ષાનું રાજ્યભરમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨.૫ લાખ જેટલા ઉમેદવારો પરીક્ષામાં બેઠા હતા. ૧૧ માસના લાંબા સમય બાદ ૨૧ ઓગષ્ટે આયોગ મારફતે પ્રિલિમ પરીક્ષાનું પરિણામ જાહેર કરી કુલ ૨૯૬૦ સફળ ઉમેદવારોના સીટ નંબરનું લિસ્ટ આયોગની વેબસાઈટ પર મુકવામાં આવ્યુ હતુ. પરંતુ આ પરિણામથી અનેક ઉમેદવારોમાં અસંતોષની લાગણી જોવા મળી છે.

પરીક્ષાના આયોજન બાદ આયોગ દ્વારા છબરડા અને ખોટા પ્રશ્નો માટે ઉમેદવારો પાસે સુધારા મંગાવવામાં આવ્યા હતા. જેમાં ગુજરાતી માધ્યમના ઘણા ઉમેદવારોએ સુધારા મોકલ્યા હતા. પરંતુ આયોગે માત્ર અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની રજૂઆત ધ્યાને લેવામાં આવ્યા છે. તેમજ બોર્ડ દ્વારા ઉમેદવારો પાસે વાંધા રજૂ ન કરવામાં આવેલ હોવા છતાં આ પ્રશ્નો રદ કરવામાં આવ્યા છે. જેના કારણે ગુજરાતી માધ્યમના અનેક ઉમેદવારોને મોટુ નુકશાન થવા પામ્યું છે.

જેમ કે પ્રિલિમના પ્રશ્નપત્રમાં ગુજરાતીના એક પ્રશ્નના આયોગ દ્વારા બે સાચા જવાબ દર્શાવવામાં આવ્યા છે. જ્યારે બંધારણના પણ એક પ્રશ્નમાં પણ તમામ સાચા જવાબ છે. તેમ છતાં કોઈ માર્ક આપવામાં આવ્યો નથી. પરિણામે ઉમેદવારોને ૨ માર્કનું નુકશાન થયું છે. અધધ... કહી શકાય તેટલું ૪૧ માર્ક્સનું ગ્રેસિંગ આપવામાં આવ્યું છે. તો આ બે પ્રશ્નોનું ગ્રેસીંગ કેમ નહી ? કેમ આ પ્રશ્નો અંગ્રેજી મીડીયમમાં સાચા હતા ? આ પ્રશ્નો અંગે ગુજરાતના ઘણા ઉમેદવારોએ આયોગને વારંવાર રજૂઆત કરવામાં આવી છે. છતાં કોઈપણ આયોગ મારફતે જવાબ નથી આપવામાં આવ્યો ત્યારે આ બાબતે ન્યાયની માંગ સાથે ભાવનગરના એક ઉમેદવાર અભેસંગ ચૌહાણે આગામી ૭મી સપ્ટેમ્બર સુધીમાં આયોગ પાસે લેખિતમાં તમામ નિષ્ણાંતોના અભિપ્રાય સાથે જવાબની રજૂઆત કરી છે. અને તા. ૭મી સુધીમાં જવાબ નહી મળે તો તેજ ઘડીએ આયોગની કચેરી સામે આમરણાંત ઉપવાસ પર ઉતરી ત્રણ દિવસ બાદ તા. ૧૦મી સપ્ટેમ્બરે સવારે ૧૧ કલાકે આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારી છે.

# પાલનપુરમાં ભુલથી રીવોલ્વરનું ટ્રીગર દબાવી દેતા પોલીસકર્મીનું મોત



પાલનપુર, તા. ૨૮

પાલનપુરના પશ્ચિમ પોલીસ મથકમાં પોલીસકર્મીએ લોડેડ રીવોલ્વરનું ટ્રીગર ભુલથી દબાવી દેતા ગોળી તેની છાતીમાં જ ઘુસી જતા સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર પશ્ચિમ પોલીસમથકમાં આજે એક પરવાનેદાર પોતાની પરવાનાવાળી રીવોલ્વર જમા કરાવવા આવ્યો હતો. પોલીસમથકમાં ફરજ પરના પોલીસકર્મી અબ્દુલખાન નાગોરીએ હથિયાર જમા કરવાની પ્રક્રિયા કરતા હતા. દરમિયાન લોડેડ રીવોલ્વરનુ ટ્રીગર ભુલથી આ પોલીસકર્મીએ દબાવી દેતા ફાયરીંગ થયું હતું અને ગોળી સીધી જ તેની છાતીમાં ઘુસી ગઈ હતી.

ગોળીબાર થતા થોડીવાર માટે પોલીસમથકમાં ભારે અફરાતફરી થઈ જવા પામી હતી. થોડીવાર બાદ આ સમગ્ર ઘટના અંગે લોહીલુહાણ હાલતમાં ઈજાગ્રસ્ત પોલીસકર્મીને પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**(તસવીર : હરેશ જોષી, પાલનપુર)**

## તોફાની ટોળા સામે...

● ત્રીજા પાનાનું ચાલુ

ટોળા સામે દાખલ કર્યો છે. તે ઉપરાંત નારદીપુર પોલીસ ચોકી સળગાવી દેનાર ૩૦ જેટલા બાઈકના ટોળા સામે પબ્લીક પ્રોપર્ટી ડેમેજ અંતર્ગત ગુનો દાખલ કરી પોલીસે કાર્યવાહી શરુ કરી છે. જયારે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનમાં તોડફોડ કરીને સ્ટાફ પર હુમલો કરનાર ૨૦૦થી ૨૫૦નાં ટોળા સામે કલમ ૩૦૭, રાયોટીંગ અને પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એકટ અંતર્ગત ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે વીડીયોગ્રાફી અને ફોટોગ્રાફી તપાસીને ટોળાના આરોપીઓની શોધખોળ શરુ કરી ધરપકડ માટે કવાયત શરુ કરી દીધી છે.

## શ્રેષ્ઠ મુહૂર્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તહેવાર નથી. રક્ષાની ભાવના સાથે આ તહેવાર વિવિધ ધાર્મિક બાબતોને ધ્યાને રાખી ઉજવાય છે. જો કે રાખડી બાંધવા માટેનુ શ્રેષ્ઠ મુહુર્ત બપોરે ૨:૫૪ કલોકથી શરૂ થાય છે. શુક્રવારે રાત્રિના ૩ કલાકથી વિષ્ટી યોગ શરૂ થાય છે. જયારે શનિવારે બપોરે આ યોગ પુરો થાય છે. જેથી ત્યારબાદ રાખડી બાંધવા માટેનો સમય શ્રેષ્ઠ હોવાનુ જણાંવાયુ છે. શહેરીજનો રાખડીના આ પર્વને હેતેથી ઉજવવા ઉત્સુક બન્યા છે. રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ નગરના બજારમાં પણ ભારેભીડ ભાડ જોવા મળી હતી. બહેન પાસે રક્ષા બંધાવ્યા બાદ ભાઈ પણ બહેનને ભેટ સોગાદો આપે છે. ભાઈ બહેનના આ પ્રેમની અભિવ્યકિતના આ પર્વની પારિવારિક ઉજવણી સાથે અન્ય ધાર્મિક બાબતો પણ જોડાયેલી છે. મહારાષ્ટ્રમાં નાળિયેરી પુનમ તરીકે આળખાતા આ દિવસે સમુદ્રમાં શ્રીફળ પધરાવામાં આવે છે. જયારે કેટલાક ઠેકાણે ખુડુતો પણ હળની પુજા કરે છે. રક્ષાબંધન પછીના દિવસે પણ આ વખતે રવિવારની રજા હોવાથી નગરજનોએ ટુંકા પ્રવાસનુ આયોજન કર્યુ હોવાનુ ધ્યાને આવ્યુ છે.

## હેપીનેસ પ્રોગ્રામ

● ત્રીજા પાનાનું ચાલુ

યાદશકિત, ગ્રહણશકિત, માનસિક શાંતિ, એકાગ્રતા, તંદુરસ્તી, આંતરિક અને વકતૃત્વ શકિત ખીલે છે. હેપીનેસ પ્રોગ્રામનો મુખ્ય હેતુ આજના લોકો નકારાત્મક લાગણીઓથી મુકત થઈ તણાવ રહિત વ્યકિત થકી હિંસામુકત સમાજ બનાવે તે છે. તેમજ સંસ્થા દ્વારા બેંગ્લોરથી પધારનાર સ્વામીજી અને વિશેષ પંડિતગણ દ્વારા વ્યકિતગત અને સામુહિક રૂદ્રપુજાનું આયોજન તા. ૧ સપ્ટેમ્બર ના રોજ સાંજે ૬ કલાકે સીમાબેન ભરતભાઈ દવે, પ્લોટનં. ૨૯૪-૪-એ, પ્રમુખ એપાર્ટમેન્ટ,ગોપાલ ડેરી સામે, સે-૨૦, તા. ૮ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ કલાકે કરશનભઈ પટેલ, ૭ વિનાયક પાર્ક સોસાયટી, અતિથિ હોટલ પાછળ દહેગામ તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૭.૩૦ કલાકે ભુલાભાઈ કડીઆ, ૬૫ સોમનાથ પાર્ક સોસાયટી, સાર્થક મોલ પાછળ ખ-૦, સરગાસણ, ગાંધીનગર, તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫.૩૦ કલાકે સામુહિક પુજા બલરામ ભવન, કલેકટર ઓફિસ સામે સેકટર-૧૨ તેમજ તા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૫ને સાંજે ૬.૩૦ કલાકે હિતેશ પટેલ, પ્લોટ નં. ૧૨૦૭/૧ જે.એમ.ચૌધરી સ્કુલ સામે સે-૭-ડી ખાતે કરવામાં આવ્યું છે. સમગ્ર પુજાપાઠમાં શહેરની ધર્મપ્રેમી જનતાને હાજર રહેવા આર્ટ ઓફ લીવીંગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ અંગે કોઈ પણ માહિતી માટે અથવા પુજા પાઠના સંકલ્પ માટે સુરેશ પરમારનો ૯૪૨૬૩૦૦૩૦૩ પર સંપર્ક કરવો.

## મુસાફરો અટવાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરવામાં આવી હતી. જયારે ગાંધીનગર ડેપોમાં પણ અમદાવાદ ગાંધીનગર વચ્ચેની બસો શરૂ કરવામાં આવી હતી. જેના પગલે સ્થાનિક અપડાઉનકર્તાઓને બસો ઉપલબ્ધ થઈ હતી. પરંતુ આવતીકાલે રક્ષાબંધનનુ પર્વ હોવાથી બહારગામ જવા માટે પણ ડેપોમાં મુસાફરોની ભીડ જામી હતી. પરંતુ બહારગામના રૂટની બસો ન મળતા મુસાફરોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. ગાંધીનગર ડેપોમાંથી પણ મુસાફરોને યોગ્ય જવાબ ન મળતા મુસાફરોએ હેરાનગતિ સાથે ધક્કા ખાવાનો વારો આવ્યો હતો. જયારે ડેપો તંત્ર કક્ષાએથી જ કોઈ યોગ્ય જવાબ મુસાફરોને મળ્યો ન હતો. ખુદ ડેપોના કર્મચારીઓ જ બસોના રૂટીન વ્યવ્હારથી વાકેફ ન હતા. અમદાવાદ ગાંધીનગર રૂટમાં બસો દોડી હતી.પરંતુ બહારગામના મુસાફરો યોગ્ય આયોજન અને જાણકારીના અભાવે ગોથે ચઢયા હતા. રક્ષાબંધનના તહેવારના લીધે પણ ગાંધીનગર ડેપોમાં મુસાફરોની ભીડ જામી હતી. પરંતુ મુસાફરોને બસ સેવા મળી ન હતી.જયારે ડેપોની ઈન્કવાયરી કચેરીના કર્મચારીઓ તરફથી સંતોષકારક અને સ્પષ્ટ જવાબ પઁણ મળ્યો ન હતો. જેથી સેંકડો મુસાફરો અટવાયા હતા. જયારે બહારગામ જવા માટે મુસાફરોએ ખાનગી વાહનોનો આશરો લેવો પડયો હતો.

## વિધાનસભામાં ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ગેરકાયદેસર ખનિજ વહન અને ખોદકામ બદલ રૂ. ૧૯.૧૬ લાખની દંડકીય રકમ પણ વસુલ કરવામાં આવેલ છે.

● કુંવરબાઈનું મામેરૂ

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે કુંવરબાઈનું મામેરૂ યોજના અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં સા. ન્યાય અધિકારીતા મંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા એક વર્ષમાં આ યોજના અંતર્ગત ૨૨૫ અરજીઓ મળી હતી.

આ પૈકી ૨૨૪ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. મંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ મંજૂર કરાયેલ અરજદારોને રૂ. ૧૬,૫૦,૦૦૦ની સહાય ચુકવી આપવામાં આવેલ છે.

● મલ્ટીપરપઝ હેલ્થવર્કરની ખાલી જગ્યા

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે ગાંધીનગર જિલ્લામાં મલ્ટીપરપઝ હેલ્થવર્કરની જગ્યાઓને લઈ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યું છે કે આ સંવર્ગની ૧૭૧ જગ્યાઓ મંજૂર થયેલ છે.

આ પૈકી ૬૧ જગ્યાઓ ભરાયેલી છે જ્યારે ૩૧ જગ્યાઓ ખાલી છે. સરકાર દ્વારા વર્ષમાં ૨૧ જગ્યાઓ ભરવા માટેનું આયોજન છે.

● પંચાયતની ખાલી જગ્યાઓ

કોંગીના શ્રી અમીત ચૌધરીએ જિલ્લા પંચાયત તાલુકા પંચાયતની ખાલી જગ્યાઓ અને મંજૂર મહેકમને લઈ પુછેલ એક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે વર્ગ-૧ની એક, વર્ગ-૨ની ૧૨, વર્ગ-૩ની ૩૯૧ જગ્યાઓ અને વર્ગ-૪ની ૪૦૦ જેટલી જગ્યાઓ ખાલી પડેલ છે.

● વીજગ્રાહકોની લોક અદાલતો

ગાંધીનગર(દ)ના શ્રી શંભુજી ઠાકોરે છેલ્લા બે વર્ષમાં વીજગ્રાહકોના બાકી નાણાંની વસુલી સહિતના પ્રશ્નો અંગે યોજેલી લોક અદાલત અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઉર્જામંત્રીશ્રીએ જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં ૫૨ લોક અદાલતોનું આયોજન કરાયું છે.

૧૪૬૭ કિસ્સાઓમાં વસુલવાની થતી રૂ. ૫૪.૫૮ લાખની રકમ પૈકી રૂ. ૩૮.૩૦ લાખની રકમ સ્થળ પર વસુલ કરવામાં આવી અને રૂ. ૧૬.૨૮ લાખની બાકી વસુલી હપ્તાથી કરવામાં આવી રહી હોવાનું ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યું છે.

● ગ્રામસભામાં ફરિયાદો

કોંગીના શ્રી અમીત ચૌધરીએ ૩૦-૬-૧૫ની સ્થિતિએ યોજાયેલ ગ્રામસભા અંગેના પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજ્ય પંચાયત મંત્રીશ્રીએ જણાવ્યું છે કે બે તબક્કામાં ૬૦૪ ગ્રામસભાઓનું જિલ્લામાં આયોજન થયું છે.

આમાં કુલ ૩૦૦ પ્રશ્નો ગ્રામસભામાં રજુ થયા હતા. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૨૬, માણસામાં ૧૦૨, દહેગામમાં ૩૮ અને કલોલમાં ૩૪ પ્રશ્નો રજુ થયા છે.

રજુ થયેલા પ્રશ્નો પૈકી ૧૯૯ પ્રશ્નોનો નિકાલ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેલા પ્રશ્નોનો ઝડપથી નિકાલ થાય તે રીતે કાર્યવાહી ચાલે છે.

● કૃષિ વિષયક વીજ જોડાણ

ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોક પટેલે ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં જિલ્લામાં અપાયેલા કૃષિ વિષયક વીજ જોડાણ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં ઉર્જામંત્રીશ્રીએ જણાવ્યું છે કે રૂ. ૩૩૨૬.૫૨ લાખના ખર્ચે ૧૬૨૯ કૃષિ વીષયક વીજ જોડાણ અપાયા છે.

૨૦૧૩-૧૪માં રૂ. ૧૫૭૧.૩૯ લાખના ખર્ચે ૭૯૬ અને ૨૦૧૪-૧૫માં રૂ. ૧૭૫૫.૧૩ લાખના ખર્ચે ૮૩૬ કૃષિ વીજ જોડાણ અપાયા છે.

**Change of Name and Surname**

I have changed from old name and Surname **Parmar Amrutbhai Vitthalbhai** to New Name & Surname **Prabhakar Arun Vitthalbhai.**

**Address : Plot No. 1256/1, Sector No. 2/A, Gandhinagar - 382002 (GUJARAT)**

**ઈન્ડેક્ષ્ટ-સી (ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ)**
(ગુજરાત સરકારની સંસ્થા)
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ઓ. (૦૭૯) ૨૩૨૫૪૨૬૩, ફેક્સ : ૨૩૨૫૬૦૦૭

**ભંગાર કોમ્પ્યુટરોના નીકાલનું ટેન્ડર**

સંસ્થાના જુના / બગડેલા / બંધ હાલતમાં કોમ્પ્યુટરો, પ્રીન્ટરો, મોનીટર, યુ.પી.એસ. વિગેરેનો નિકાલ કરવાનો થાય છે. રસ ધરાવનાર ઈસમો પાસેથી કચેરીના કામકાજના દિવસો દરમિયાન નિરીક્ષણ કરીને પોતાના ભાવો નિયત કરેલ ટેન્ડરમાં ભરીને સીલબંધ કવરમાં ટેન્ડર કવર ઉપર **‘જુના બગડેલાં બંધ કોમ્પ્યુટરો અને આનુષાંગિક ભાગોનું ભાવપત્રક’** તેમ લખીને **તા. ૮/૯/૨૦૧૫ સુધીમાં** મળે તે રીતે અત્રેની કચેરીમાં પહોંચાડવા આથી જાણ કરવામાં આવે છે. આ પ્રકારના લઘાણ વગરનું ટેન્ડર માન્ય ગણાશે નહીં. કોરૂ ટેન્ડર રૂ. ૫૦૦/- (નોન-રીફંડેબલ) જમા કરાવ્યેથી તા. ૪/૯/૨૦૧૫ સુધી મળશે.

**માહિતી/૧૨૯૫/૨૦૧૫-૧૬** **કાર્યવાહક નિયામક**

# ઊંઝામાં કરફ્યુ ઉઠાવી લેવાતા જનજીવન પુનઃ ધબક્યુ

ઊંઝા, તા. ૨૮

વેપારી મથક ઊંઝા શહેરમાં છેલ્લા બે દિવસ દરમિયાન બનેલ હિંસક ઘટનાઓને પગલે સ્થિતિને કાબુમાં લેવા કેન્દ્રિય સુરક્ષાદળોને મુકી કરફ્યુ લાદવામાં આવ્યા બાદ પરિસ્થિતિ થાળે પડતાં જનજીવન પુનઃ ધબકતું થયું છે.

આજ સવારે શહેરમાં કરફ્યુ હટાવી લેવામાં આવ્યો હતો. જેથી બજારો ખુલી જતાં ધંધા રોજગાર શરૂ થઈ ગયા હતા. પરંતુ સવારે અફવાઓને પગલે વેપારીઓમાં દહેશત ફેલાઈ હતી. જોકે તાલુકા વહીવટીતંત્રે અફવાઓને ધ્યાનમાં ન લેવા સમજાવતા બજારોમાં દુકાનો ખુલી ગઈ હતી. હાઈવે પર વાહન વ્યવહારો પણ ચાલુ રહ્યો હતો.

આમ છતાં પોલીસ અને કેન્દ્રિય સુરક્ષાદળોના જવાનોનું શહેરમાં પેટ્રોલિંગ ચાલી રહ્યું હોઈ લોકો ભયના માર્યા બહાર નીકળી શકતા નથી. આથી હજી શહેરજનોમાં દહેશતનો માહોલ છે. બીજી સ્થાનિક એસ.ટી. ડેપો દ્વારા હજી સુધી શહેરી કે ગ્રામિણ વિસ્તારોમાં એસ.ટી. બસ સેવા શરૂ કરવામાં આવી નથી.

ઊંઝા ડેપોમાંથી મળતી માહિતી મુજબ તોફાની ટોળાએ ઊંઝા ડેપોની કુલ ચાર એસ.ટી. બસોને આગ લગાવી હતી. જ્યારે આ ડેપોની નાઈટમાં ગયેલ અન્ય ચાર બસોને ગ્રામ્ય વિસ્તારોમાં સળગાવી દેવામાં આવી હતી. જ્યારે ડેપોમાં પડેલ અન્ય ડેપોની કુલ ૫ બસો મળી કુલ ૧૩ બસોને ઊંઝા વિસ્તારમાં સળગાવી દેવામાં આવી હતી. અને ૧૬ બસોને નુકશાન કરવામાં આવ્યું હતું. જેના કારણે એસ.ટી. તંત્રને અંદાજે અઢીથી ત્રણ કરોડ રૂપિયાનું નુકશાન થયેલ છે. આવી સ્થિતિમાં હાલ બસોનું સંચાલન કરવું મુશ્કેલ બન્યું છે.

સુત્રોના જણાવ્યા મુજબ જેમ જેમ સ્ટાફ હાજર થશે તેમ તેમ ક્રમશઃ બસો શરૂ કરાશે. આ સમાચાર લખાય છે ત્યારે આજ સાંજ સુધીમાં ઊંઝા ડેપોની શહેરી કે ગ્રામ્ય વિસ્તારની બસ સર્વિસ શરૂ થઈ શકી નથી.

ઊંઝા શહેરમાં ભડકી ઉઠેલ હિંસાને લીધે સ્થાનિક માર્કેટયાર્ડ પણ બે ત્રણ દિવસ દરમિયાન બંધ રહેતા વેપારી કામકાજ ઠપ્પ થયા હતા. પરિણામે વેપારી વર્ગને કરોડોનું નુકશાન થયેલ છે.

## ખેડબ્રહ્મામાં ભગવાનને ચલણી નોટોનો હિંડોળો કરવામાં આવ્યો

ખેડબ્રહ્માના ઠાકોર મંદિરમાં ભગવાનને ચલણી નોટોના હિંડોળામાં ઝુલાવવામાં આવ્યા હતા. ઠાકોર મંદિરમાં ભગવાનને એક હજાર, પાંચસો જેવી ચલણી નોટો મળી કુલ ૧,૫૮,૦૦૦ની રકમ તથા સુકા મેવાનો હિંડોળો કરવામાં આવ્યો હતો. ભગવાનના હિંડોળાના દર્શન કરવા ભકતો ઉમટી પડયા હતા. હિંડોળા દર્શનના આયોજન માટે પૂજારી જસંતભાઈ પંડયા તથા ગોપી મંડળની બહેનોએ જહેમત ઉઠાવી હતી.

**(તસવીર : રમેશ વૈષ્ણવ)**



# પ્રજા પ્રતિનિધિઓને પ્રજા વચ્ચે જઈ મન જાણવા માટે અપાયેલ સૂચના

ગાંધીનગર, તા. ૨૮

પ્રદેશ ભાજપ હોદ્દેદારોની બેઠકમાં પ્રદેશ આગેવાનો, મોરચાના હોદ્દેદાદોર અને ધારાસભ્યોને પોતાના વિસ્તારોમાં જઈને રાજ્યમાં ઉભી થયેલી પરિસ્થિતિ અંગે ડીમેજ કંટ્રોલ કરવા અને લોકોનું મન જાણવા માટેના આદેશો આપવામાં આવ્યા છે.

ગુજરાતમાં થયેલા તોફાન અંગે ભાજપ પક્ષ અને રાજ્ય સરકાર દ્વારા મંથન શરૂ કરવામાં આવ્યું છે. આજે પ્રદેશ ભાજપ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ આર.સી. ફળદુની અધ્યક્ષતામાં અને પ્રભારી શર્મા તેમજ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ઉપસ્થિતિમાં પ્રદેશ હોદ્દેદારોની બેઠક મળી હતી.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ હોદ્દેદારોની મળેલી બેઠકમાં આગામી સમયમાં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ ઉપરાંત રાજ્યમાં થયેલ તોફાનને કારણે લોકોના માનસમાં શું છે તે જાણવા અને આ બનાવ અંગે સાચી હકીકતો પહોંચાડવા માટે લોકો વચ્ચે જવા માટેના આદેશો આપવામાં આવ્યા છે.

પ્રદેશ હોદ્દેદારો ઉપરાંત ધારાસભ્યોની પણ બેઠક યોજાનાર છે. આ બેઠકમાં ધારાસભ્યને પણ લોકો વચ્ચે જવા અને લોકોના મન જાણવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

**જાહેર નોટીસ**

આથી જાહેર જનતાને તથા લાગતા વળગતા તમામ શખ્સો તથા હિતસંબંધી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ગાંધીનગરથી નીચે જણાવેલ મંડળીઓને ફડચામાં લઈ જવામાં આવેલ છે. અને ફડચા અધિકારી તરીકે અમારી નિમણુંક કરવામાં આવેલ છે.

(૧) વિશ્વકર્મા મજૂર કામદાર સ.મં.ળી., મુ.ગાંધીનગર, તા.જિ. ગાંધીનગર
(૨) શ્રેયસ કન્ઝુયમર્સ કો.ઓ.હા.સો.લી., મુ. ગાંધીનગર, તા.જિ.ગાંધીનગર

ઉક્ત મંડળીઓના લેણદારો તથા દેવાદારોને પોતાના લેણાં-દેવા આ જાહેરાત થયા તારીખથી દિન-૬૦માં અમારી કચેરીને આધાર પુરાવા સહ નોંધાવી જવા જણાવવામાં આવે છે. ત્યારબાદ કોઈ હક્ક દાવા નોંધવામાં આવશે નહિ અને તે મુજબ ફડચાની કામગીરી સમાપ્ત કરી મંડળીને આટોપી લેવામાં આવશે. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

**કચેરી :**
જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ,
સહયોગ સંકુલ, છઠ્ઠો માળ,
સેક્ટર-૧૧, ગાંધીનગર
સ્થળ : ગાંધીનગર
જા.ન. ફડચ/૦૧/ઘ-૨/૧૪૭/૧૫,
તા. ૬/૮/૨૦૧૫

સહી/-
(યુ. યુ. રાઠોડ)
સહકારી અધિકારી (ફડચો)
લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ
ગાંધીનગર